For Private Circulation Only

# B.P.A. Bulletin

Devoted to
Comprehensive Development
of Persons With Disabilities

YEAR 2025 ▲VOLUME:I ▲JANUARY - MARCH -2025 (This Bulletin is available on website: www.bpaindia.org)

BULLETIN
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## વોઈસ ઓફ સ્પેશ્યલી એબલ્ડ આંખ હોસ્પિટલ બારેજા મુલાકાત





“વોઈસ ઓફ સ્પેશ્યલી એબલ્ડ પીપલ”ના આદ્ય સ્થાપક શ્રી પ્રણવભાઈ દેસાઈને અંધજન મંડળ સંચાલિત બારેજા આંખની હોસ્પીટલમાં મુલાકાત લીધી હતી આ સમયે હોસ્પિટલના મુખ્ય પદાધિકારીશ્રીએ તેઓને હોસ્પિટલમાં વિવિધ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ નિયમો અંતર્ગત અવગત કરવામાં આવ્યા હતા. તેઓને હોસ્પિટલના ઉપયોગમાં આવતા અને શસ્ત્રક્રિયામાં વપરાતા ઈન્ટ્રા ઓક્યુલર લેન્સ અને અન્ય વસ્તુઓથી પણ અવગત કરવામાં આવ્યા હતા. આ સાથે સરકારી સહાયના લાભાર્થીઓ સાથે પણ સંવાદ કર્યો હતો. કેટલાક દર્દીઓ કોર્નિયલ ઈજાને કારણે તેઓને અંધત્વ આવ્યું હતું. તેઓને કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં હતા અને તેઓને પુનઃદ્રષ્ટિ પરત આવી છે. આમ ડૉ. સુમિત ચેતર્જી જેઓ કોર્નિયલ સર્જન છે. તેમણે જણાવ્યું હતું કે વોઈસ ઓફ એસ.એ.પી ઘણા વર્ષોથી પોરેચા આઈ હોસ્પીટલને મોતિયા તેમજ કોર્નિયલ ગ્રાફ્ટીંગ સર્જરી માટે સહાય પણ આપે છે. આ સમયે વોઈસ ઓફ એસ.એ.પીના સ્વયં સેવક તેમજ પોરેચા આઈ હોસ્પીટલ બારેજા કર્મચારીગણ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## તૃતીય આંતરરાષ્ટ્રીય પરિષદ



એસ. એન. ડી. ટી. મહિલા યુર્નિવર્સિટી-મુંબઈના સ્પે.એજ્યુકેશન વિભાગ દ્વારા ત્રીજી આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પરિષદ (ICE-3)તારીખ 9 થી 11 જાન્યુઆરી 2025 દરમ્યાન યોજાય હતી. તેમાં “વૈવિધ્યનો સ્વીકાર” ઉપર પરિષદ યોજાય હતી. આ પરિષદમાં બીપીએના જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભુષણ પુનાનીએ તારીખ-11 જાન્યુઆરીના રોજ દિવ્યાંગજનો માટેનાં કાયદાઓ અને સશક્તિકરણ ઉપર ઉદબોધન આપ્યું હતું. આ કોન્ફરન્સ મુંબઈ સ્થિત જય વકીલ ફાઉન્ડેશનના સહયોગથી ગ્વેર ક્લબ હાઉસ ચર્ચગેટ મુંબઈ ખાતે આયોજીત કરવામાં આવી હતી.

## કેલિયાવાસણા સેન્ટર-શુભારંભ

મહિલાઓને મદદરૂપતા માટે સેનેટરી નેપકીન બનાવવા માટેનું સેન્ટર શરૂ થયું. આ કેલિયાવાસણા ખાતે કેન્દ્રનું ઉદઘાટન તારીખ-4 જાન્યુઆરી 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. આ સમયે ગુજરાત સરકારના ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી ડૉ. મનીષ બંસલ તેમજ બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ સેન્ટ્રલ ફાઉન્ડેશનના સી. એસ.આર પદાધિકારીશ્રી જલ્પેશભાઈ વાઘેલા તેમજ સ્થાનિક ગામનાં સરપંચશ્રી અને અન્ય સરકારી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સ્વસહાય ગૃપના સદ્‌કાર્ય માટે બેંક ઓફ બરોડા, ગ્લોબલ સર્વિસીસ દ્વારા પ્રોત્સાહન મળે તે માટે સેનેટરી નેપકીનના બે હજાર નંગ બનાવવાનો ઓર્ડર પણ આપ્યો હતો.









## એક દિવસીય તાલીમ કાર્યક્રમ

દ્રષ્ટિહીનો સ્માર્ટબોર્ડના ઉપયોગનો ખ્યાલ મેળવે અને તેની સાથે સ્માર્ટ બોર્ડ એપ્લીકેશન અને પાઠ્યપૂસ્તકની સામગ્રીને કેવી રીતે એક્સીસેબલ બનાવવામાં આવે તેનાં માટેની વિવિધ જાણકારી બીપીએનાં ટેકનોલોજી હેડના શ્રી આર.પી.સોની તેમજ ટીમને તારીખ 11 જાન્યુ. 2025નાં રોજ એક દિવસીય તાલીમ બીપીએના કેમ્પસમાં આપી હતી.



## સિલાઈ તાલીમ અંજાર-(કચ્છ)

અંતરિયાલ ગ્રામ્યકક્ષાએ દિવ્યાંગ મહિલાઓ સ્વતંત્ર રીતે આર્થિક ઉપાર્જન કરી પગભર થઈ શકે તે ઉદ્દેશ્યથી કચ્છ જિલ્લાનાં અંજાર ખાતે બીપીએ અને સમસારા ગૃપના સહયોગથી કચ્છમાં વિભિન્ન સક્ષમતા ધરાવતી મહિલાઓ માટે સિલાઈ તાલીમ તારીખ 9 જાન્યુઆરી 2025નાં રોજ શરૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ગુજરાતના મંત્રીશ્રી વાસણભાઈ આહિર અને વિપક્ષના નેતા રાજેન્દ્રસિંહ જાડેજા આ ઉદઘાટનના સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ તાલીમ સફળતાપૂર્ણ પ્રાપ્ત કર્યા બાદ સમસારા ગૃપ દ્વારા સિલાઈ સંચાઓ 15 મહિલાઓને આપવામાં આવ્યાં હતા.

## પિકનીક

બીપીએમાં દાતાશ્રી દર અમાસે સંસ્થામાં વર્કશોપ વિભાગમાં કાર્ય કરતા દિવ્યાંગજનોને નાસ્તો તેમજ ભોજન માટે ફંડ શ્રીમતિ રીટાબેન પટેલ અને તેમનું મહિલા ગૃપ આપે છે. આ વર્ષે તેઓએ વર્કશોપના તાલીમાર્થીઓ માટે પિકનીકનું આયોજન કરીને તા.12 જાન્યુઆરી 2025નાં રોજ પિકનીક ઉપર લઈ જઈને દિવ્યાંગોને પિકનીકનો આનંદ કરાવ્યો હતો.



## 2020 વિઝન-કાર્યક્રમ

આંખની સવિશેષ કાળજી માટે એન.પી.સી.બી ગુજરાત તેમજ બીપીએ અને વિઝન-2020 'ધ રાઈટ ટુ સાઈટ' ગુજરાતનાં સંયુક્ત સહયોગી ઉપક્રમે જિલ્લા સ્તરની હોસ્પીટલો અને સેવાકીય સંસ્થાઓ દ્વારા ચાલતી હોસ્પીટલોના કુલ-124 ડોક્ટરોને સંક્રમણ નિયંત્રણ વિષયક વર્કશોપનું આયોજન તારીખ 12 જાન્યુઆરી 2025નાં રોજ કરવામાં આવ્યું હતું.





## ઉત્તર ગુજરાત નુત્તન કેન્દ્ર



ઉત્તર ગુજરાતના સિધ્ધપુર ખાતે દિવ્યાંગ ભૂલકાઓના વાલીઓને દિવ્યાંગજનો માટેની તાલીમ પ્રાપ્ત કરવા ખૂબજ દુર સુધીના જવુ પડે તે માટે બીપીએ અને યોગાંજલિ સંસ્થા દ્વારા પરામર્શ કરીને દિવ્યાંગ બાળકો માટે 'ડે-કેર સેન્ટર' પ્રારંભ કરવા માટે તા.13-1-2025નાં રોજ બીપીએ ટીમ સાથે સંકલન કરીને યોગાંજલિ સંસ્થા દ્વારા જગ્યા તેમજ કર્મચારી પગાર કરવાની ખાતરી આપી હતી જ્યારે ટેકનીકલ સહયોગ બીપીએ આ કેન્દ્રને આપશે.

## IDRF બીપીએ મુલાકાત

ભારત ડેવલપમેન્ટ એન્ડ રિલીફ ફંડનાં યુ.એસ.એથી શ્રીમતી વંદના માતરવાડિયાએ તા. 15 જાન્યુઆરી 2025 નાં રોજ બીપીએની મુલાકાત કરી દિવ્યાંગજનોની પ્રવૃતિઓ વિષયક અવગત થયા હતા.



## દિવ્ય શક્તિ કલા મહોત્સવ

બીપીએ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે સાંસ્કૃતિક ક્ષેત્રે પણ તાલીમ આપી સ્કીલ ડેવલપમેન્ટમાં તેઓની આંતરિક શક્તિઓને ખીલવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ રૂચિમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને વડોદરા ખાતે તારીખ-20-01-2025નાં રોજ ભારત



સરકાર દ્વારા આયોજીત દિવ્યશક્તિ કલા શોમાં નૃત્ય પ્રદર્શન કરવા માટે આમંત્રિત કર્યા હતાં.

## સિલાઈ સંચા વિતરણ



બીપીએ અને સમસારા ગૃપના સહયોગથી દિવ્યાંગ જરૂરીયાત મંદ મહિલાઓને સિલાઈ સંચા અંજાર ખાતે વિતરણ કરવામાં આવ્યા હતા.

## નાસ્તા સ્ટોલ વિતરણ

જરૂરીયાતમંદ દિવ્યાંગજનો નાના સ્ટોલથી સ્વરોજગાર પ્રાપ્ત કરીને આર્થિક રીતે પગભર બની શકે તે ઉમદા ઉદ્દેશ્યથી વાઘબકરી ફાઉન્ડેશનના સી.એસ.આરના ભંડોળથી ગુજરાતમાં 100 નાસ્તાના સ્ટોલ આપવામાં આવ્યા હતા. આ પૈકી બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. 13 જાન્યુઆરી 2025નાં રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમમાં વાઘબકરી ફાઉન્ડેશનના શ્રીમતિ વિદિશા પરાગ દેસાઈ તેમજ ધારાસભ્યશ્રી અનિકેત ઠાકર, પાલનપુર અને શ્રી મુકેશભાઈ પ્રજાપતિ જિલ્લા રોજગાર અધિકારીશ્રી તેમજ શ્રી ડૉ.અશ્વિન ગામી, રોટરી કલબ ઓફ







પાલનપુરના પ્રમુખશ્રી સાથે ડૉ. સુરેન્દ્ર ગુપ્તા અને શ્રી કનુભાઈ પટેલ યુવક મંડળ લક્ષ્મીપુરા સાથે બીપીએ પદાધિકારીશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

આમ, વાઘબકરીના સી.એસ.આરથી 3, ડિસેમ્બર અને 13, જાન્યુઆરી તેમજ 14 ફેબ્રુઆરી સુધી ત્રણ તબક્કામાં દિવ્યાંગજનોને સ્ટોલની ફાળવણી કરવામાં આવી હતી.

તૃતીય તબક્કા વિતરણ કાર્યક્રમ બીપીએ કેમ્પસ ખાતે કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન કાર્યક્રમમાં વાઘબકરીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી રસેસ દેસાઈ અને નવનિયુક્ત સીઈઓ શ્રી સંજય સિંઘલની ઉપસ્થિતમાં સ્ટોલ વિતરણ કરવામાં આવ્યા હતા.

## અંજાર નગરપાલિકા દ્વારા સન્માન

કચ્છ જિલ્લાના અંજારમાં દિવ્યાંગજનોને સેવા પ્રદાન કરતાં ગાયત્રીમંદિર અંજારના ટ્રસ્ટીશ્રીઓ તેમજ અંજાર નગરપાલિકાના પ્રમુખશ્રીએ બીપીએના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષીનુ સન્માન કર્યુ હતું.



## બધિરાંધ તાલીમ

તા.૨૨ અને ૨૩ જાન્યુઆરીના રોજ નાસિકના NAB ખાતે અભિ પ્રેરણા, પ્રયાસ, ઉડાનના નેટવર્ક મિટીંગ્સ અને ભાઈ-બહેનોના માનસિક સ્વાસ્થ્ય પર તાલીમની પ્રાદેશિક નેટવર્ક બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ બેઠકમાં ૮૧ સહભાગીઓ એ ભાગ લીધો હતો. BPA તરફથી શ્રીમતી કૃપા, શ્રીમતી શ્રુતિલથા, શ્રી પરાગ નામદેવ, શ્રીમતી નમ્મા પંડ્યા અને સેન્સ ઇન્ડિયા તરફથી શ્રી વિશ્વેન્દુએ સફળ સંચાલન કર્યું હતું.



## વારાણસી સિલાઈ મશીન વિતરણ

વારાણાસીમાં દિવ્યાંગ મહિલાઓ સ્વરોજગાર પ્રાપ્ત કરવા માટે સિલાઈ તાલીમ મેળવીને સંસારમાં સ્વમાનભેર જીવન વ્યતીત કરી શકે તે માટે પદ્મનાભ મફતલાલ ગૃપના ભંડોળમાંથી 100 મહિલાઓને તાલીમ આપી સિલાઈ સંચા સ્વરોજગાર માટે આપવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ જિલ્લા વહીવટી વિભાગના સહકારથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સીડીપીઓ શ્રી હિમાંશુ નાગપાલ ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ આ કાર્યક્રમમાં સદગુરૂ આંખની હોસ્પીટલના કર્મચારીશ્રીઓ સાથે બીપીએનાં એડવોકેસી મેનેજર કિન્નરી દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતા.





## દિવ્યાંગોને ગોપી ડાઈનીંગ હોલમાં ભવ્ય ભોજન

શ્રી રશેષભાઈ દેસાઈ, (વાઘ - બકરી ચા) એ એક નવીન યોજના શરૂ કરી છે. વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોના તમામ વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ અને સ્ટાફ જેમના જન્મદિવસે છેલ્લા સપ્તાહ દરમિયાન હોય તેમને જાણીતા અને ખૂબ જ લોકપ્રિય ગોપી ડાઇનિંગ હોલમાં આમંત્રણ આપવામાં આવે છે. શ્રી રશેષ ભાઈ દેસાઈ વતી ડાઇનિંગ હોલમાં દિવ્યાંગોને ગુજરાતી થાળી પીરસવામાં આવી હતી. ભવ્ય ભોજન સાથે જન્મદિવસની ઉજવણી!! પહેલી 25 જાન્યુઆરી, 2025 ના રોજ 23 લાભાર્થીઓ સાથે યોજાઈ હતી. વિદ્યાર્થીઓને તેમના જન્મદિવસની ઉજવણી અનોખી શૈલીમાં કરવામાં આવી હતી.




## ધ્વજવંદન દિવસની ઉજવણી



બીપીએમાં 26 મી જાન્યુઆરી ગણતંત્ર દિવસની ઉજવણી દિવ્યાંગ ભૂલકાઓ સાથે બીપીએ સંચાલિત એમ.એસ.એમ નાઝના દાતાશ્રી ધર્મેન્દ્રભાઈ વ્યાસ જેઓ જાણીતા એડવોકેટશ્રી અને તેઓના ધર્મપત્નીશ્રી બીપીએ કમિટીમાં સેવા પ્રદાન કરતા રહ્યાં છે. તેઓના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ બીપીએ કેમ્પસમાં કરવામાં આવ્યો હતો.

## સ્વ-રોજગાર મૂલ્યાંકન શિબિર



સ્થાનિક સ્તરે દિવ્યાંગતા જૂથ સહયોગથી સહયોગથી બ્લાઇન્ડ સ્કૂલ અમરેલી ખાતે સ્વ-રોજગાર મૂલ્યાંકન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં BPAએ કર્મચારીશ્રી ટીમે સ્વ-રોજગાર માટે 90 સંભવિત લાભાર્થીનીઓળખ કરી હતી.

## શતરંજ ટુર્નામેન્ટ-જામનગર



દ્રષ્ટિહીનો શિક્ષણની સાથે સાથે રમતગમત ક્ષેત્રે અગ્રેસર થાય તે માટે આઉટડોર ઈન્ડોર રમતો તેઓને રમાડવામાં આવે છે. અહીં ગુજરાત રાજ્ય સ્તરની ચેસ ટુર્નામેન્ટ જામનગર ખાતે તા.01/02/2025નાં રોજ દ્વિતીય દિવસે યોજાઈ હતી. તેમાં બીપીએના પાંચ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. તે પૈકી ધો-11માં અભ્યાસ કરતાં ત્રણ વિદ્યાર્થીઓ માનવ પટેલ ધ્રુવ ભુવા અને રાહુલ સહાની ટુર્નામેન્ટમાં વિજેતા રહ્યાં હતા.

## રેલ્વે સ્ટાફ સંવેદનશીલ સત્ર આયોજન



તા.29 જાન્યુઆરી, 2025 ના રોજ ભારતીય રેલ્વેના અધિકારીઓ માટે વિકલાંગતા સંવેદનશીલતા સત્રનું આયોજન કર્યું હતું. આ તાલીમમાં વિવિધ વિકલાંગતાઓ અને આવા વ્યક્તિઓની જરૂરિયાતોને સમજવા અને તેમના મુદ્દાઓને સંભાળવામાં સંવેદનશીલતાનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમમાં બીપીએ કર્મચારી શ્રીમતિ જિજ્ઞા જોષી અને શ્રી વનરાજ ચાવડાએ દિવ્યાંગતા અંતર્ગત ખ્યાલ આપ્યો હતો.

## અનુકુલનતા તાલીમ



દરેક વ્યક્તિ તેમની પોતાની લાઈફ સ્ટાઈલમાં જીવનના ઘણા વર્ષો સુધી પોતાની રીતે જીવન વ્યતીત કરતા હોય છે. પણ જીવનમાં તેઓની જીવન શૈલીના આધારે ડાયાબિટીસ, ગ્લુકોમા, રેટિના બિમારીઓ ઉંમર અવસ્થાને કારણે અથવા આકસ્મિક કારણોથી કોઈને કોઈ રીતે આંખની તકલીફથી તેઓ જીવનમાં હતાશા, ઉદાસી અને લાચાર થઈ એક જગ્યાએ બેસી રહે છે. તેઓને શેષ જીવન કેવી રીતે પસાર કરવું કંઈ જ ખ્યાલ આવતો નથી. તેઓ એક જગ્યાએથી અન્યત્ર જગ્યાએ હલનચલન કરવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અહીં આ પ્રકારની તકલીફવાળા આવી રહ્યા છે. અમારા નિરીક્ષણમાં પણ આવ્યું છે કે 30 વર્ષની આસપાસની વ્યક્તિઓ પણ છે. આવી વ્યક્તિઓને ‘અનુકુલન એડજસ્ટમેન્ટ તાલીમ’ની વિશેષ જરૂરીયાત હોય છે. તેથી બીપીએ આવી વ્યક્તિઓને સ્વતંત્ર રીતે ચાલવામાં તેમજ તેઓ તેમના રૂટીન કાર્યમાં પુનઃજોડાઈને જીવન યાત્રાને આગળ વધારી શકે તે ઉદ્દેશ્ય માત્રથી અહીં તાલીમ આપી અંધત્વ સ્વીકાર માટે કાઉન્સેલીંગ કરવામાં આવે છે.



## મુન્દ્રા વિઝન સેન્ટર પ્રારંભ







આંખની અંદર તકલીફ થાય તો નજીકનાં સ્થળે નેત્ર નિદાન કરાવીને દ્રષ્ટિનો ઉપચાર કરાવી દ્રષ્ટિ બચાવી શકાય છે. આ માટે બીપીએ દ્વારા ગુજરાતમાં વિવિધ ચૌદ જગ્યાએ વિઝન સેન્ટર સંચાલન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતે સેવા ફાઉન્ડેશનના સહયોગથી અને મુન્દ્રા રોટરી ક્લબ દ્વારા સેન્ટર માટે જગ્યા ઉપલબ્ધ કરાવી છે. આ સેન્ટરનાં ઉદઘાટન પ્રસંગે સેવા ફાઉન્ડેશન, યુએસએનાં પદાધિકારીશ્રી કુલદિપસિંહ ઉપસ્થિત રહ્યાં હતા તેમજ મુન્દ્રાનગર પાલિકાના અધ્યક્ષ શ્રીમતિ રચના જોશીએ તા.31 જાન્યુઆરી 2025નાં રોજ ઉદઘાટન કર્યું હતું.

## કપડવંજ ટ્રસ્ટ સંચાલન-બીપીએ



કપડવંજની આસપાસના દિવ્યાંગજનો માટે વી.એસ.ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યરત છે. આગામી સમયમાં દિવ્યાંગજનોને વધુ સેવાઓ પ્રદાન કરી શકાય તે વિચારધારા અનુસાર વી.એસ.ગાંધી ટ્રસ્ટી મંડળ અને બીપીએની બેઠક કરવામાં આવી હતી. આ સંચાલન તેમજ ભાવિ આયોજન વિષય અંતર્ગત બીપીએ વી.એસ.ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનું સંચાલન કરશે. આ બેઠકમાં વી.એસ.ગાંધી ટ્રસ્ટના ડૉ.કુંડલિયા, શ્રી મનુભાઈ ગાંધી, શ્રી રાજેશભાઈ, ડૉ.ભુષણ પુનાની, શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ ડૉ. ભરત જોશી સહ કપડવંજ સંસ્થાના કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા.

## રસોઈ સ્પર્ધા આયોજન



દ્રષ્ટિક્ષતિ મહિલાઓ રસોઈમાં પણ ખૂબજ ચીવટથી અને સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે એટલે જન-જાગૃતિ સામાજીક સ્તરે વધે તેમજ દ્રષ્ટિક્ષતિ મહિલાઓના વિશે ખોટા વલણો દુર થાય તે માટે અંધ મહિલાઓ માટે અંધ કલ્યાણ કેન્દ્ર, રાણીપ, અમદાવાદ ખાતે રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બીપીએની અંધ મહિલા મંડળની બહેનોએ પણ ભાગ લીધો હતો અને તે પૈકી છ મહિલાઓ વિજેતા રહી હતી.

## સુગમ્ય યાત્રા સંદેશ



દિવ્યાંગજનો ખાસ કરીને તેઓના દૈનિક જીવન વ્યવહારમાં સરળતાથી સુગમતા પ્રાપ્ત કરી શકે તે માટે સુગમ્ય યાત્રાનો સંદેશ સાથે આયોજન કરવામાં આવ્યું હતું.

## સંમ્મલિત ચેસ સ્પર્ધા



અમદાવાદ શહેરની ઓરીએન્ટ ક્લબ ખાતે પ્રિયકાન્ત મુન્સાની સ્મૃતિમાં તા.10/02/2025નાં રોજ સંમ્મિલિત ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બીપીએનાં ચેસ રમતવીરોએ ભાગ લીધો હતો.

## જિલ્લા ખેલ મહાકુંભ-03



રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ તેમજ નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, ગુજરાત રાજ્યનાં સંયુક્ત ઉપક્રમે અમદાવાદ જિલ્લા સ્તરનો ખેલ મહાકુંભ-3.0નું આયોજન તા-10 ફેબ્રુઆરી-2025નાં રોજ ગુજ.યુનિ. સ્પોર્ટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પે.ખેલ મહાકુંભની અંદર 551 દ્રષ્ટિહીનોએ ભાગ લીધો હતો. તેમાંથી જે જિલ્લા સ્તરેથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતા બનનાર ખેલાડીઓ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લેશે.

## ચેસ સ્પર્ધા વિજેતા






18 વર્ષથી નાની વયનાં ખેલાડીઓ માટે જિલ્લા ખેલ મહાકુંભ-3.0 અમદાવાદમાં યોજાયેલ. ચેસ સ્પર્ધામાં બીપીએના ઉચ્ચતર, માધ્યમિક, શાળાનાં અભ્યાસ કરતાં પ્રથમ વિજેતા ધ્રુવ ભુવા અને દ્વિતીય સ્થાને માનવ પટેલ રહ્યાં હતા.

## પી.એચ.ડી પદવી એનાયત



બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરતજોશીને વલ્લભ વિદ્યાનગરમાં આવેલી એસ.પી.યુનિવર્સીટી કેમ્પસમાં તા.6 ફેબ્રુઆરી 2025નાં રોજ ડોક્ટરેટની પદવીથી સન્માનિત કર્યા હતા.

## કલા સ્પર્ધા



રાજ્યકક્ષા કલા ઉત્સવ 2024-25નું આયોજન તા.14 ફેબ્રુઆરી 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં બીપીએનાં દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થી શ્રી કુશ રાઘવાણીએ તબલા (વાદ્ય) વગાડવાની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## બોલેરો વ્હીકલ દાન





સમતાવિકાસ ટ્રસ્ટ અને બેલાબેન યોગેશભાઈ આંખની હોસ્પિટલ વાત્રકના દાતાશ્રીઓમાં શ્રી નવનીતભાઈ અને ગીતાબેન (યુ.એસ.એ) દ્વારા તા.14 ફેબ્રુઆરી 2025નાં રોજ વાત્રક આંખની હોસ્પીટલ (BYPEH)માં બોલેરો વ્હીકલ દાનમાં આપ્યું હતું.

## સાધન-સહાય મદદરૂપતા





દિવ્યાંગજનો સ્વરોજગાર મેળવે તેમજ તેઓને આવન-જાવનમાં મુશ્કેલીના રહે તે ઉમદા હેતુસર 'મિશન ફાર્મા' દિવ્યાંગજનો માટે હર હંમેશ તૈયાર રહ્યાં છે. તા.21-02-2025 નાં રોજ મિશન ફાર્મા દ્વારા 42 ટ્રાઈસિકલ અને 50 સિલાઈ સંચા દિવ્યાંગજનોને વિતરણ કરવામાં આવ્યા હતા. આ સમયે મિશન ફાર્માના ડાયરેક્ટરશ્રી સુરેશ ઝિંગડે અને તેમની ટીમે આ વિતરણ કાર્યક્રમ સમયે ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોને આશીર્વચન પાઠવ્યાં હતાં. મિશન ફાર્માનું લક્ષ્યાંક જરૂરીયાતમંદોને આરોગ્યલક્ષી તેમજ અન્ય સુવિધાઓ આપવામાં દિન-પ્રતિદિન વધી રહ્યું છે. તેઓએ 125થી વધારે વસ્તુઓ પૈકી લેપટોપ, ડેસ્કટોપ, મોનીટર્સ અને પ્રિન્ટર્સ વગેરે ઈલેક્ટ્રોનિક વસ્તુઓ દિવ્યાંગજનો માટે આપી હતી. આ દાન પણ ડાયરેક્ટરશ્રી સુરેશભાઈ તેમજ તેમની ટીમ દ્વારા કરીને દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને ડિજીટલ સાક્ષરતા અને શિક્ષણમાં સહયોગ આપવા ખાતરી આપી હતી.

## દ્રષ્ટિક્ષતિ દંપતિ લગ્ન સમારોહ



દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓ શિક્ષણ સહ સ્વરોજગાર કેળવે છે. તેઓ સામાજીક જીવનમાં યુવા વયે જીવન જીવવાની ઘણી મહાત્વાકાંક્ષાઓ ધરાવતાં હોય છે. તેઓ પણ સાંસારિક રીતે સુદ્રઢ જીવન વ્યતીત કરવા માટે પ્રયાસ કરતા હોય છે. આ તબક્કે શ્રી કુંજ ક્લબ અને ઝંકાર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પાંચ દ્રષ્ટિક્ષતિ યુગલના લગ્ન ખર્ચમાં અઢી લાખ રૂ.ની કિંમતનો ઘરવખરી સામાન લગ્ન સમયે ભેટ-સોગાદમાં આપ્યો હતો અને આ ખર્ચ શ્રી કુંજ ક્લબ અને ઝંકાર ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવ્યો હતો.



BHAVANA SRIVASTAVA
CHEF & FOUNDER, NEOCHEF FOODS

What do you hope to accomplish in 2025?

What about your work brought you joy in the last year?

What's the one thought or action that you feel can help us all work towards a better future?

KINNARI DESAI
SENIOR MANAGER, INCLUSION & ACCESSIBILITY, BLIND PEOPLES' ASSOCIATION

What do you hope to accomplish in 2025?

What about your work brought you joy in the last year?

What's the one thought or action that you feel can help us all work towards a better future?

## રાષ્ટ્રીય કવરેજ

કિન્નરી દેસાઈને BPA ના ડેપ્યુટી ડિરેક્ટર તરીકે માર્ચ 2025 માં ફેમિના માં સ્થાન આપવામાં આવ્યું હતું. આ પહેલી વાર છે જ્યારે BPA ના કોઈ કર્મચારીશ્રીને આ રાષ્ટ્રીય મેગેઝિનમાં સ્થાન મળ્યું છે.

## સ્વરોજગાર કીટ વિતરણ કાર્યક્રમ





'પારલે ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' દ્વારા પાંચ વર્ષથી બીપીએને સહાયક રહ્યા છે. દિવ્યાંગ વ્યક્તિઓને સ્વરોજગાર ક્ષેત્રમાં મદદરૂપતા માટે કચ્છ ખાતે સ્વરોજગાર કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમાં પ્રવિણ ગુલાટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સહાય કરવામાં આવી હતી.

## રોજગાર






IndiGo
Airport Core Essentials
This is to certify that
Rahul Anil Jha IGA 91348
has successfully completed the IndiGo ACE Training Program from 28th January to 28th February 2025 with ACE Batch 705
and was awarded the certificate on 28th February 2025
Congratulations! We believe in your potential and are sure that you will make us proud.

રાહુલ ઝાને DDUGKY વિભાગ દ્વારા ઇન્ડિગો એરલાઇન્સમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## લીડરશીપ તાલીમ કાર્યક્રમ





દ્રષ્ટિક્ષતિ ધરાવતા અને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢતા પ્રતિભાશાળી 30 વ્યક્તિઓની લીડરશીપનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો પ્રારંભ આઈ.આઈ.એમના ડાયરેક્ટરશ્રી ભરત ભાસ્કર દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો સહયોગ ડૉ. લાલ પાથ લેબના સી.એસ.આર થી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સી.એસ.આર હેડ રાજેશસિંહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ લીડરશીપ તાલીમનું સંચાલન પ્રોફેસર રાજેશ ચંદવાણીએ કર્યું હતું.

## એટર્નલ આઈ સેન્ટર પ્રારંભ





મૃત્યુ બાદ આંખનું દાન આપવા માટે બીપીએ કેમ્પસમાં આઈ કલેક્શન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ સેન્ટરની સહાય આરીઝ ખંભાતા ટ્રસ્ટ બેનવોલ્ટન દ્વારા કરવામાં આવ્યું હતું. અંહી આ નૂતન કેન્દ્ર દ્વારા મૃત્યુ પામેલા વ્યક્તિઓની પાસેથી આંખ એકત્રિત કરીને તેમના કોર્નિયાને સંગ્રહિત કરવામાં આવશે. ત્યારબાદ આ કોર્નિયા બીપીએ પોરેચા આઈ હોસ્પિટલમાં દ્રષ્ટિક્ષતિ દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.
આ સેન્ટરનું ઉદઘાટન તારીખ-7 માર્ચ 2025 નાં રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોરિયાના રિપબ્લીક રાષ્ટ્રદૂત શ્રી લી સિયોડ-હો ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમની સાથે તેમના ધર્મપત્ની શ્રીમતી પાર્ક હી સૂક મિનિસ્ટર કાઉન્સિલર (આર્થિક), શ્રીમતી હાન વૂજુંગ કાઉન્સિલર (આર્થિક અને વાણિજ્યિક), શ્રીમતી ચાન સૂંગજૂંગ પ્રથમ સચિવ (આર્થિક), શ્રીમતી લી સાહી અને વરિષ્ઠ સંશોધક શ્રીમતિ કિમ જાંગવાન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## સહાયક સાધન વિતરણ કાર્યક્રમ










દિવ્યાંગજનો વધુને વધુ કુશળતા પ્રાપ્ત કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. બીપીએ છેલ્લા ત્રણ વર્ષથી ધોળકા બ્લોકમાં એસ્ટ્રલ ફાઉન્ડેશનનાં સહયોગથી ગ્રામ્ય સ્તરે 'કોમ્યુનિટી બેઈઝ ઈન્કલુઝિવ ડેવલપમેન્ટ; સી.બી.આઈ.ડીને પ્રોત્સાહન પુરૂ પાડે છે. આ સંયુક્ત સહયોગથી દિવ્યાંગજનો માટે જરૂરી સેવાઓ, શિક્ષણ, સમાવેશીકરણ અને તેમનાં સર્વાંગી વિકાસ માટે આ અભિયાન હેઠળ સહાયક સાધનો દર વર્ષે આપે છે.
આ વર્ષે તારીખ-15-03-2025નાં રોજ 53 સહાય ઉપકરણો આશરે 10 લાખ રૂપિયાની કિંમતના વિતરણ કરવામાં આવ્યાં હતાં.
આ વિતરણ પ્રસંગે ધોળકાનાં ધારાસભ્યશ્રી કિરીટસિંહ ડાભી, એસ્ટ્રલ ફાઉન્ડેશનનાં શ્રી દિવ્યેશભાઈ તેમજ નરેશભાઈ દ્વારા વિતરણ કરવામાં આવ્યા હતા.

## રિહેબ સેન્ટર-બારેજા



આંખની હોસ્પીટલ, વાત્રકમાં બનાવવા માટે ખૂબજ મોટો સહયોગ કરનાર શ્રી બેલાબેન અને યોગેશભાઈ શાહે આંખની હોસ્પીટલ, વાત્રકમાં બનાવતા બીપીએને મદદ કરી હતી. બારેજામાં દ્રષ્ટિહીન-વિક્લાંગજનો માટે રિહેબીલીટેશન સેન્ટર સ્થાપવા માટે રૂ. 2 કરોડનું માતબર દાન આપવાનું વચન આપ્યું હતું. આ હેતુ માટે પ્રથમ કક્ષાએ તેઓએ રૂ. 60 હજાર ડોલર આપ્યાં હતા. આ નવા સેન્ટરમાં દિવ્યાંગજનો દ્રષ્ટિહીનોને શિક્ષણ, તાલીમની કુશળતાઓ શીખવા અંગેની તાલીમ આપવામાં આવશે. તેથી તેઓ દ્રષ્ટિહીનોને શિક્ષણ આપવામાં મદદરૂપ બની રહે. આ સેન્ટરમાં કાઉન્સેલીંગ સેવાઓ સહ, એક ઓડિયોરીયમ અને નિવાસી દર્દીઓના તાલીમાર્થીઓ માટે એક વિશાળ ડાઈનીંગ રૂમ ઉપલબ્ધ કરવામાં આવશે.

## વાર્ષિકોત્સવ-બાવળા





બીપીએ સંચાલિત પ્રવિણ મંદાકિની ભગવતી સવિનય સ્કુલ, બાવળામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રંગોળી અને સુંદર મંડપ ફુલમાળાઓથી આયોજન સાથે સજાવટ કરી હતી. આ સમયે સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ નૃત્ય, મિમિક્રી,સાથે નાટકમાં ભાગ લઈને પ્રદર્શિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ભગવતી સ્પેર્સ કાસ્ટનાં શ્રી રાજુભાઈ, બાવળા કેળવણી મંડળના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ પટેલ, ભરતભાઈ ઝાલા, (સંપાદક-દિવ્યભાસ્કર) શ્રીમતી અંજલીબેન (સી.આર.સી-બાવળા) તથા બીપીએ કર્મચારીશ્રી, શાળાનાં આચાર્યશ્રી, શિક્ષકશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.

## કાર રેલી





અમદાવાદ રાઉન્ડ ટેબલ તેમજ બીપીએના સંયુક્ત ઉપક્રમે છેલ્લા 20 વર્ષથી દ્રષ્ટિહીનોની કારરેલીનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ વખતે પણ કારરેલીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કારરેલીમાં દ્રષ્ટિહીનો બ્રેઈલમાં રેલીનાં રૂટ રેલી શરૂ થયાના સમયે આપવામાં આવ્યો હતો. તેથી તેમની કારના ચાલકને કે તેમને કોઈ ખ્યાલ રહેતો નથી. આમ આ રેલી રસપ્રદ રીતે નક્શા મુજબ દરેક દ્રષ્ટિહીન તેમના કારચાલકને દિશા નિર્દેશ કરતા જાય અને તેમને આગળ વધવાનું હોય છે. આમ અનેક જગ્યાએ ચેકપોસ્ટ પર તેમના સમયની નોંધણી થાય છે. અને આખરે છેલ્લા ગંતવ્ય સ્થાને પ્રથમ-દ્વિતીય-તૃતિય પહોંચે છે. તેમને પ્રોત્સાહન ઈનામ રેલી બાદ કાર્યક્રમમાં આપવામાં આવે છે.

આ વર્ષે આ રેલીમાં 90 કાર સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમજ આ રેલીનું પ્રસ્થાન ગુજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે તારીખ-23 માર્ચ 2025નાં રોજ કર્યું હતું.

## નેત્રહીન ફુટબોલ સ્પર્ધા







બીપીએના નેજાતળે ગુજરાતના નેત્રહીન ફુટબોલ-ટુર્નામેન્ટ આયોજનમાં 'ઈન્ડિયન બ્લાઈન્ડ ફુટબોલ ફેડરેશન' (IBFF)દ્વારા તા.29 માર્ચથી 31 માર્ચ 2025 સુધી મહાનગર અમદાવાદમાં આયોજિત કરવામાં આવી હતી. તેમાં સાઉથ વેસ્ટ ઝોનલ બ્લાઈન્ડ ફુટબોલ ચેમ્પીયનશીપની કુલ 9 ટીમોમાં 70 ફુટબોલ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પુરૂષ અને મહિલા બંને કેટેગરીમાં ગુજરાતની ટીમ અગ્રેસર રહી હતી. આમ મહિલાઓમાં નિરમા ઠાકરડા અને પૂરૂષ વિભાગમાં વિજય પંચાણીએ સમગ્ર ગુજરાતમાં ઉચ્ચ સ્કોર કર્યા હતા અને વિજેતા બન્યા હતા. જ્યારે ફાઈનલમાં મહારાષ્ટ્ર અને કેરાલાની ટીમો રનરઅપ રહી હતી.

આ ઈનામ વિતરણ કાર્યક્રમ તારીખ-30 માર્ચનાં રોજ કરવામાં આવ્યો હતો. તેમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી મુખ્ય મહેમાન તરીકે રહ્યાં હતા. આ સાથે ગુજરાત સરકારના પૂર્વ મુખ્ય સચિવશ્રી પી.કે.લહેરી પણ ઉપસ્થિત રહ્યાં હતા.






## અગ્નિ સુરક્ષા સમજ

બીપીએના કર્મચારીશ્રીઓને આગ લાગે ત્યારે બચાવ કેવી રીતે કરી શકાય તે અંગેની જાગૃતિ માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અગ્નિ સુરક્ષા તાલીમ બીપીએ ખાતે 19 ફેબ્રુઆરી 2025નાં રોજ રાખી હતી. તેનું સંચાલન શ્રી સમીર મહેતાએ કર્યું હતું.

## નારી શક્તિ એવોર્ડ

સ્ત્રીઓના સશક્તિકરણ માટે નારી શક્તિ એવોર્ડ બીપીએ કેમ્પસમાં મહાનગર અમદાવાદના મેયરશ્રી શ્રીમતી પ્રતિભા જૈન દ્વારા નારી શક્તિ એવોર્ડ તારીખ-1 માર્ચ 2025નાં રોજ આપવામાં આવ્યા હતા.



નંદિની રાવલ
એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, બીપીએ




કિન્નરી દેસાઈ
ડેપ્યુટી ડાયરેક્ટર, બીપીએ



વંદનાનાથ
લો-વિઝન સ્પેશિયાલિસ્ટ, બીપીએ

## વિશાલ વિન ફાઉન્ડેશન ગાર્ડિયન એન્જલ એવોર્ડ્સ




ડૉ. અર્ચિત શાહ
ફિઝીયોથેરાપીસ્ટ, બીપીએ




સાહિલ મન્સુરી
કોરીયોગ્રાફર, વી.આઈ



ચૈતાલી પટેલ, સ્પે.બી.એડ
બધિરાંધ યુનિટ




આગવાન કેયુર
રેપસન

## સી.એસ.આર દ્વારા કીટ વિતરણ





ગુજરાતનાં અંતરિયાલ ગામડાના વિસ્તારોમાં બીપીએ દ્વારા 518 દિવ્યાંગ વ્યક્તિઓને સ્વરોજગારની સહાયતા કરવામાં આવી છે તેમજ સાત વિવિધ સ્થળોમાં વલસાડ, છોટા ઉદેપુર, દાહોદ, ભરૂચ, જાખંભાળિયામાં સ્વરોજગારની ચકાસણી કેમ્પ કર્યા છે. આ સહાય ગુજરાતના આદિવાસી સમૂદાય સુધી સહાય કરવામાં મફતલાલ ગૃપ સી.એસ.આરથી મદદરૂપ રહ્યા હતાં.

## પાવર લિફ્ટીંગ-બ્રોન્ઝ મેડલ




બંને પગે દિવ્યાંગતા ધરાવવા છતાં મનને ક્યારેય દિવ્યાંગ બનાવ્યું નથી તેવલણ સાથે ખુમારી ધરાવતાં બીપીએમાં આઈ.ટી.આઈ વિભાગમાં કાર્યરત શ્રી માયાભાઈ ભામર તેમજ સપના શાહને બ્રોન્ઝ મેડલ તા.16 થી 18 માર્ચ 2025 દરમિયાન અમેઠી યુનિવર્સીટી ગ્રેટર નોઈડા યુ.પી ખાતે પ્રાપ્ત થયો છે.

## દ્રષ્ટિક્ષતિ મહિલા તાલીમ કાર્યક્રમ






જાણીતા ગાયનેકોલોજીસ્ટ શ્રી ડૉ. ઉષાબેન તેમજ ઓર્થોપેડીક સર્જન ડૉ. અનિકેતજી દ્વારા અંધત્વ ધરાવતી પુખ્તવયની મહિલાઓ જેઓ 'બ્લાઈંડ વુમન્સ એસોસીએશન' સાથે સંકળાયેલ છે તેઓનોસેમીનાર બીપીએ ખાતે યોજયો હતો.

## મીટ્ટી કેફે દિવ્યાંગજન રોજગારી





'નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન' દ્વારા દિવ્યાંગજનોને નોકરી તેમજ તેઓ દિવ્યાંગજનો માટેના કાર્યરત ગૌરવપૂર્ણ હક્કો વિશે જન-જાગૃતિનું કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. બીપીએના તાલીમાર્થીઓ પૈકી મહેશ્વરી, શ્રેયા અને હર્ષ બહુવિક્લાંગતા ધરાવે છે. જેઓને બીપીએ દ્વારા દૈનિક જીવન અંતર્ગત તાલીમ આપવામાં આવી છે અને તેઓને ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ સ્થિત મિટ્ટી કેફેમાં રોજગારી આપવામાં આવી છે. અહીં તેઓને સાથે મિટ્ટી કેફેના સ્ટાફ દ્વારા હોસ્પિટાલીટી અને સોફ્ટ સ્કીલમાં તેઓને ધીરે ધીરે ક્રમશઃ નિપુણ બનવાની તાલીમ પ્રાપ્ત થઈ રહી છે.

## સિલાઈ મશીન કાર્યક્રમ



સમસારા ગૃપના સહયોગથી સિલાઈ તાલીમ 275 મહિલાઓને આપી તેઓ સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરી શકે તે માટે લક્ષ્યાંક છે તે પૈકી 165 મહિલાઓને તાલીમ આપી સિલાઈ મશીન આપવામાં આવ્યા છે. આ સહાય 519 ગામડામાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

## યુનિસન કંપની સહયોગ



દિવ્યાંગજનો સરળતાથી ઉમદા જીવન પસાર કરી શકે તે માટે તેઓની જીવન શૈલીમાં બદલાવ લાવવા તેઓને રોજગાર-સ્વરોજગાર આપવા માટે યુનિસન ફાર્માસ્યુટીકલ લિમીટેડના સી.એસ.આર ભંડોળ દ્વારા આ વર્ષે તા.17 માર્ચ 2025 નાં રોજ દિવ્યાંગજનોને સિલાઈ-સંચા આપવામાં આવ્યા હતા. આ સમયે યુનિસન ફાર્માસ્યુટીકલ્સ લિમીટેડના સ્થાપક અને ચેરમેનશ્રી નિતીનભાઈ શાહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ સમયે તેમણે લાભાર્થીઓની સાથે વાતચીત કરી હતી અને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા અને દિવ્યાંગજનોને 50 સિલાઈ મશીન આપ્યા હતા.

## રત્નમણી મેટલ્સ મદદ




રત્નમણી મેટલ્સ કંપની સી.એસ.આરથી બીપીએની શાળામાં સ્માર્ટબોર્ડ્સ તેમજ આશીર્વાદ ટ્રસ્ટ સાયલા, સુરેન્દ્રનગર અને સોલાર પાવર સિસ્ટમ બીપીએ ઓપ્ટ્રીમેટ્રી કોલેજ સહ નાઝ સેન્ટરના 32 દિવ્યાંગ બાળકોની સ્પોન્સરશીપ આપી હતી.




## સ્ટારપદક

વી.આઈ.એડીના રમતવીર સિદ્ધાંતને રોટરી ક્રિકેટમેચની રમતમાં તેમની ટીમને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો હતો.

## અર્બન મોબિલીટી પ્રણાલી વર્કશોપ



જેન્ડર રિસ્પોન્સિવ ટ્રાન્સપોર્ટ યોજના અને નીતિના રૂપાંતરકારી ભૂમિકા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે રોજગારી, આરોગ્ય સેવાઓ અને સ્ત્રી-પુરૂષ સમાનતા વધારા ઉપર હિમાયત કરે છે.

ડબલ્યુ.આર.આઈ (ઈન્ડિયા)એ મોબિલાઈઝ હેઠળ વાર્ષિક વર્કશોપનું આયોજન કર્યું હતું. તેમાં બીપીએના એડવોકેસી મેનેજરશ્રી કિન્નરી દેસાઈ હાજર રહ્યાં હતા.

## બાળ આનંદ મેળો-વિજ્ઞાન દિવસ






બીપીએ સંચાલિત સવિનય સંમ્મિલિત વિદ્યાલયમાં વિજ્ઞાન દિવસ તેમજ બાળ આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે શાળાના સ્ટાફ તેમજ બીપીએથી શ્રી જીજ્ઞાબેન, ચૈતાલીબેન તેમજ અમીબેન ઉપસ્થિત રહ્યાં હતા.

## શેલ્ટર હોમ્સ ઓડિટ





દિવ્યાંગજનો માટે બીપીએ અને ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન સંયુક્ત રીતે શેલ્ટર્સ હોમ્સને એક્સીસીબલ અને સંમ્મિલિત બનાવવામાં કાર્યરત છે. બીપીએ દ્વારા (જી.યુ.એલ.એમ)ની મદદથી શેલ્ટર્સ હોમ્સનું એક્સેસ ઓડિટ કરવામાં આવી રહ્યું છે અને આ શેલ્ટર્સ હોમ્સ વધુ ને વધુ એકસેસીબલ બનાવવા માટે માર્ગદર્શિત સૂચનો પુરા પાડી રહ્યાં છે. બીપીએની ટીમ રાજકોટ, સુરત, વડોદરા, જૂનાગઢ, ગોડલ, જેતપુર અને જામખંભાળિયાના શેલ્ટર્સ હોમ્સની મુલાકાત લીધી

## બીપીએ-નડિયાદ બિલ્ડીંગ ઉદઘાટન





બહુવિકલાંગ બાળકોના શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ માટે બીપીએ નડિયાદે દિવ્યાંગ-બહુવિકલાંગ વ્યક્તિઓ માટે ના બિલ્ડીંગનું ઉદઘાટન તારીખ-21 માર્ચ 2025 નાં રોજ કરવામાં આવ્યું હતું. આ બિલ્ડીંગનું ઉદઘાટન સંતરામ મંદિરના સંત શ્રી મોરારીદાસજી મહારાજ કરમસદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમયે ભૂતપૂર્વ પેટ્રોલીયમ અને PWD મંત્રીશ્રી દિનશા પટેલ તેમજ બીપીએ, અમદાવાદનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભુષણ પુનાની સમારંભમાં મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

## વારાણસી ખાતે મહિલાઓને સિલાઈ તાલીમ





BPA એ વારાણસીમાં 180 વિકલાંગ મહિલાઓને સિલાઈ તાલીમ આપી રહી છે, જેમાં જિલ્લા દિવ્યાંગ જન સશક્તિકરણ વિભાગ વારાણસી અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, વારાણસીનો સમાવેશ થાય છે.

ચાલુ નાણાકીય વર્ષમાં, BPA એ અરવિંદ મફતલાલ ફાઉન્ડેશનના સહયોગથી વારાણસીના વિવિધ બ્લોકમાં સ્થિત આ વિકલાંગ મહિલાઓને 180 સીલાઈ મશીનોનું વિતરણ કર્યું છે.

વારાણસીમાં આ પહેલને ટેકો આપવા બદલ શ્રી હિમાંશુ નાગપાલ CDO વારાણસી NRLM ટીમ અને જિલ્લા દિવ્યાંગ જન સશક્તિકરણ વિભાગના આભારી રહ્યા.

## સ્માર્ટ ચશ્મા વિતરણ-બનારસ





દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ મોબાઈલ સાથે એપ્લીકેશન કનેક્ટ કરીને સ્માર્ટ ચશ્માના ઉપયોગથી તેઓ સરળતાથી અભ્યાસ કરી શકશે અને આવન-જાવનમાં સક્ષમતા પ્રદાન કરશે. આ ખાસ ઉદ્દેશ્યથી બીપીએ અને 'ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન ઓફ પીપલ વીથ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ (ઈન્ડિયા)' તેમજ બીપીએના સહયોગથી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અભ્યાંસ કરતાં અને દ્રષ્ટિની ક્ષતિ ધરાવતાં 50 વિદ્યાર્થીઓને સ્માર્ટ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પૈકીના ઘણા વિદ્યાર્થીઓ આ ઉપરોક્ત યુનિર્વસીટીમાંથી અનુસ્નાતક અને ડોક્ટરેટની ડિગ્રી પણ પ્રાપ્ત કરી રહ્યા છે.

## કૃત્રિમ અવયવ પ્રોજેક્ટ સહાય







શારિરીક ક્ષતિ ધરાવતા દિવ્યાંગજનોના હાથ-પગ કપાયેલા હોય તો તેઓને કૃત્રિમ અંગો સરળતાથી પ્રાપ્ત થાય તો તેઓ દૈનિક જીવન સરળ બનાવી શકે આ માટે 'આવાસ ફાઈનાન્સ લિમિટેડ' દ્વારા સહાય કરવામાં આવી હતી. આ અંતર્ગત જાન્યુઆરી-2025થી માર્ચ-2025 સુધી વિવિધ સ્થળોએ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યાં હતા. તેમાં ઉજ્જૈન. સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ, સુરત, નાસિક, ધ્રોલ, અમદાવાદમાં કૃત્રિમ સાધન સહાય આપવામાં આવ્યાં હતા.

આમ, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યોમાંથી કુલ 200 લાભાર્થીઓને સાધન સહાય આપવામાં આવ્યા હતાં. આ વિતરણ જુદા જુદા સમયે આવાસ ફાઈનાન્સનાં પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.


**BPA Bulletin is issued every quarter**

Phone Fax :(079)26305082, 26304070

Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com

Website : : www.bpaindia.org

All donations exempted under Section 80G of the Income Tax Act, 1961

Printed and Issued by: Blind People's Association(India) Ahmedabad-380 015.

Editor: Mrs. Dr.Bhushan Punani, Nandini Rawal, Assisted by: Mr. Bhadresh Jadav, Hasmukh Shrimali

Publication Coordinator: Shri Bipin Mehta, Printing Support : Mr. Naranbhai Prajapati and Mr. Avadh Trivedi


**ONLINE SUPPORT**

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.

GlobalGiving https://tinyurl.com/33jc-

blind_peoples_associa-

bpaindia1

bpaindia - Blind People's Association (IN-

@bpa_ind